# અફવા બની આફત: પેટ્રોલ ફુલ કરાવો


કામરેજ
વિશાલ પટેલ


બારડોલી


ભરૂચ

### બારડોલી-કામરેજના પેટ્રોલ પમ્પ પર વાહનોની લાઇન લાગી

### અછતની આશંકાએ લોકોએ પેટ્રોલ પંપો પર ઘસારો કર્યો

બારડોલી, કામરેજ, વાંકલ: અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે પેટ્રોલ-ડીઝલની અછત સર્જાશે તેવી અફવાઓ સોશિયલ મીડિયા પર વાયુવેગે ફેલાઈ હતી. આ અફવાઓની સીધી અસર હવે પેટ્રોલ પંપો પર પડવા લાગી છે.

બારડોલી પંથકમાં પણ લોકોમાં ગભરાટ ફેલાયો હતો. તંગીના ડરથી બારડોલીના તમામ પેટ્રોલ પંપ પર મોડી સાંજે વાહનચાલકોની ભારે ભીડ ઊમટી પડી હતી. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. લોકો પોતાનાં વાહનોની ટાંકી ફૂલ કરાવવા માટે કલાકો સુધી રાહ જોતા જોવા મળ્યા હતા. જો કે, વહીવટી તંત્ર કે સત્તાવાર સ્તરેથી ઈંધણની કોઈ અછત હોવાની પુષ્ટિ કરવામાં આવી ન હતી.

ગુજરાતનાં અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓને લઈને વાહન ચાલકોએ પોતાનાં વાહનો લઈને પેટ્રોલ પંપો પર પેટ્રોલ ડીઝલ ભરાવવા માટે લાઈનો લગાવી હતી, જેમાં પાસોદરા પાટિયા પાસે વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. અફવાઓના ગરમ બજાર વચ્ચે ઉમરપાડા અને માંગરોળમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો લાગી હતી.

## ભરૂચમાં પેટ્રોલ પંપ સંચાલકે શાંતિ જાળવવા અપીલ કરી

ભરૂચ: ભરૂચ શહેર અને જિલ્લામાં સોમવારે ઈંધણની સપ્લાયને લઈને ફેલાયેલી અફવાઓને કારણે પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. યુદ્ધ જેવી પરિસ્થિતિને લઈને ઈંધણની તંગી થશે તેવી ગભરાટભરી અફવાઓથી નાગરિકોમાં ભય ફેલાતાં મોટી સંખ્યામાં લોકો પેટ્રોલ ભરાવવા ઊમટી પડ્યા હતા.
શહેરના અનેક વિસ્તારોમાં પેટ્રોલ પંપ નજીક વાહનોની કતારોને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન શહેરના બે પેટ્રોલ પંપ પર તાત્કાલિક ઈંધણ ખૂટી જતાં લોકોમાં ગભરાટ વધ્યો હતો. આ અંગે પેટ્રોલ પંપ સંચાલકોએ સ્પષ્ટતા કરી હતી કે, જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, અન્ય તમામ પંપો પર ઈંધણની સપ્લાય સામાન્ય છે અને કોઈ મોટી ખામી નથી. નાગરિકોને ગભરાવાની જરૂર ન હોવાનું જણાવી, સંયમ જાળવવા અને ઉતાવળમાં બિનજરૂરી ઈંધણ ભરાવવાની દોડાદોડ ન કરવા અપીલ કરી હતી. સાચી જરૂરિયાત ધરાવતા લોકોને ઈંધણ મળી રહે તે માટે જરૂરિયાત મુજબ જ ઈંધણ ભરાવવા તેમણે વિનંતી કરી હતી. તંત્ર દ્વારા પણ સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

## સગીરાનું અપહરણ અને દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

### તાતીથૈયાથી અપહરણ કરાયું હતું, બારડોલી કોર્ટનો ચુકાદો

બારડોલી: પલસાણાના તાતીથૈયા ગામેથી ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજારવાના ગંભીર ગુનામાં બારડોલી સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ કેસમાં મુખ્ય આરોપી દીપકકુમાર ઉર્ફે દીપુ મગનલાલ ચૌધરીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે.

તાતીથૈયા ખાતે રહેતા ફરિયાદીની ૧૪ વર્ષ અને ૧૦ માસની પૌત્રીને આરોપી ગોલડીદેવી અરવિંદભાઇ ચૌધરીએ લલચાવી ફોસલાવી હતી. ગોલડીદેવીએ સગીરાને તેના ભાઈ દીપકકુમાર સાથે લગ્ન કરાવવાની લાલચ આપી વાલીપણામાંથી અપહરણ કરવામાં મદદ કરી હતી. ત્યારબાદ દીપકકુમારે સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની સુનાવણી સુરતના ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.ટી.રામની કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. સરકારી વકીલ નિલેશ એચ.પટેલની ધારદાર દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે મુખ્ય આરોપી દિપકકુમારને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને કુલ ૧૩,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે અપહરણમાં મદદ કરનાર તેની બહેન ગોલડીદેવીને ૩ વર્ષની સખત કેદ અને ૩,૦૦૦ રૂપિયાના દંડની સજા સંભળાવી છે.

## વ્યાજખોરોનો આતંક: ૧૪ લાખ સામે ૧૭ લાખ ચૂકવ્યા છતાં ઉઘરાણી!

### વ્યારામાં સાદડવાણના દંપતી પાસે ભઠ્ઠા સંચાલકે 6.5 ટકાના વ્યાજે રૂપિયા લીધા હતા

વ્યારા: બેંકો તેમજ ખાનગી ફાયનાન્સ કંપનીઓ દ્વારા લોનની રિકવરી માટે ગ્રાહકો પાસેથી થતી પઠાણી ઉઘરાણી તેમજ માનસિક હેરાનગતિના કિસ્સા તો જોવા સાંભળવા તો હવે નવાઈની વાત રહી નથી. ત્યારે વ્યારા તાલુકામાં એક આદિવાસી દંપતીએ ઈંટના ભઠ્ઠા સંચાલકની ખરાબ આર્થિક સ્થિતિનો ગેરલાભ ઉઠાવી ગેરકાયદે રીતે લાખો રૂપિયા ધિરાણ પર આપ્યા હતા. જે ધિરાણના વ્યાજ સહિતનાં નાણાં પરત મળી ગયા હોવા છતાં ઈંટના ભઠ્ઠા સંચાલક પાસેથી પઠાણી ઉઘરાણી ચાલુ રાખી ફરિયાદી સહિત તેના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ રાકેશભાઈ સુરેશભાઈ પ્રજાપતિ (ઉં.વ.30) (રહે.,હાલ ચીખલવાવ, શૈલેષભાઈ ગામીતના ખેતરમાં, તા.વ્યારા, મૂળ રહે.,49 વૃંદાવન સોસાયટી, પાલીતાણા, બસ સ્ટેન્ડ પાસે, ભાવનગર) વર્ષ-2017થી ચીખલવાવ ગામે પોતાના પરિવાર સાથે ઈંટના ભઠ્ઠાનો વ્યવસાય કરે છે. ભઠ્ઠા સંચાલક રાકેશને વર્ષ-2023માં ધંધાના કામ માટે 14થી 15 લાખ રૂપિયાની જરૂરિયાત ઊભી થતાં પાંચેક વર્ષથી પરિચયમાં આવેલા ચીખલવાવ ગામથી નજીકના સાદડવાણ ગામમાં રહેતા જયદીપ પાસેથી નાણાં ઉછીના લેવાની વાત કરી હતી. ત્યારે જયદીપ ગામીતની પત્ની સુરેખા ગામીતે પૈસા ઉછીના આપવાની જગ્યાએ 8 ટકા વ્યાજથી આપવાની વાત મૂકી હતી. જો કે, રાકેશના પિતાને 8 ટકા ઊંચું પરવડે તેમ ન હોવાથી માસિક 6.5 ટકાના વ્યાજથી 14.75 લાખ રૂપિયા વ્યાજે આપવાની તૈયારી બતાવતાં જયદીપ ગામીતે તા.16-11-2023થી 27-3-2024ના ચાર મહિનાના સમય દરમિયાન કુલ રૂ.14,75,000 માસિક 6.5 ટકાના વ્યાજે ફરિયાદીને આપ્યા હતા.

જયદીપ પાસેથી 6.5 ટકાના વ્યાજથી 14.75 લાખ રૂપિયા ધિરાણ પર લીધા બાદ ભઠ્ઠા સંચાલક રાકેશ પ્રજાપતિએ એપ્રિલ-2024થી એપ્રિલ-2025 દરમિયાન કુલ રૂ.17,58,000 જયદીપ ગામીતને ચૂકવી દીધા હતા. તેમજ વ્યાજ પેટે 2,40,000ની ઈંટો પણ જયદીપને આપી હતી. તેમ છતાં ગત તા.18-1-2026ના રોજ જયદીપ અને તેની પત્ની સુરેખાએ રાકેશના ઈંટના ભઠ્ઠા પર પહોંચી બળજબરીપૂર્વક 35 લાખની માંગણી કરી ફરિયાદીના પિતાને લાફો મારી તેમજ સુરેખાએ ટ્રેક્ટર પર બેસેલા ફરિયાદીનાં સંતાનોને ટ્રેક્ટર સાથે સળગાવી દેવા સહિત ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. બાદ ફરી તા.5-3-2026ના રોજ ભઠ્ઠા પર આવી દંપતીએ ગેરકાયદે વ્યાજની માંગણી કરી ખેતર ખાલી કરવાની ધમકી આપતાં સંચાલક રાકેશ પ્રજાપતિએ ગત તા.22-3-2026ના રોજ કાકરાપાર પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## સોનગઢમાં રમતા રમતા 3 વર્ષના બાળકનું પાણીની કુંડીમાં પડી જતાં મોત

સોનગઢ: સોનગઢમાં 3 વર્ષના બાળકનું ખુલ્લી કુંડીમાં ડૂબી જવાથી મોત થયું હતું. સોનગઢની અમન પાર્ક સોસાયટીમાં રહેતા તોસીફઅલી વાસીફઅલી સૈયદનો ૩ વર્ષ અને ૨ મહિનાનો પુત્ર ઝોહાનઅલી મોહસીનઅલી સૈયદ ગત તા.૨૨/૦૩/૨૦૨૬ના રોજ રાત્રિના ૮:૩૦ થી ૯ વાગ્યાના અરસામાં ઘરની બહાર રમી રહ્યો હતો. ઘરની બાજુમાં જ રહેતા ઈરફાન કુરેશીના નવા બની રહેલા મકાન પાસે પાણીના સંગ્રહ માટે એક કુંડી બનાવવામાં આવી હતી. આ માસૂમ બાળક રમતા-રમતા અગમ્ય કારણોસર આ પાણી ભરેલી કુંડીમાં ખાબક્યો હતો. લાંબા સમય સુધી બાળક ન દેખાતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી, જે દરમિયાન બાળક કુંડીમાં પડેલી હાલતમાં મળી આવ્યો હતો. બાળકને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યો હતો, પરંતુ કમનસીબે પાણીમાં ડૂબી જવાને કારણે તેનું મોત નીપજ્યું હતું.

## કામરેજ સુગરમાં ૧૩૨ દિવસમાં ૪.૭૦ લાખ મેટ્રિક ટન પિલાણ

### ખેડૂતો, મજૂરો અને ટ્રાન્સપોર્ટ એસો.ના સહિયારા પ્રયાસોથી સિઝન નિર્વિઘ્ને સંપન્ન


વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવી પારડીમાં આવેલી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની 33મી શેરડી પિલાણ સિઝન 2025-26ની પૂર્ણાહુતિ સોમવારના રોજ ચૈદ સુદ પાંચમના દિને નિર્વિઘ્ન સંસ્થાના પ્રમુખ, સભ્યો, મેનેજિંગ ડિરેક્ટર, અધિકારી તેમજ કામદાર-કર્મચારી ગણની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સુવ્યવસ્થિત આયોજન અને સંકલન સાથે સંપન્ન થઈ છે.

2025-26ની પિલાણ સિઝનમાં માત્ર 132 પિલાણ દિવસમાં 4,70,924.209 મેટ્રીક ટન શેરડીનું મહત્તમ પિલાણ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમજ સંસ્થાના ડિસ્ટિલરી પ્લાન્ટમાં 3301279 લીટર રેક્ટિફાઈડ સ્પીરિટનું ઉત્પાદન કરી તેમાંથી 2145221 લીટર ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. સફળતાપૂર્વક પિલાણ સિઝન 2025-26 પૂર્ણ કરવા બદલ સંસ્થાના પ્રમુખ અશ્વિન પટેલ (દાઢી)એ સંસ્થાના બોર્ડના તમામ સભ્યોના સચોટ માર્ગદર્શન તથા અધિકારીઓ, કામદારો, કર્મચારીઓના અથાક પરિશ્રમથી તેમજ સંસ્થા સાતે સહકાર વિશ્વાસ અને સંકલનની ભાવનાથી જોડાયેલા તમામ સભાસદો તેમજ શેરડી કાપણી સાથે જોડાયેલા મજૂરો, મુકાદમ અને શેરડી પરિવહન વ્યવસ્થા સંભાળનાર ટ્રક એસોસિએશનના સભ્યો તેમજ કામરેજ સુગર ફેક્ટરીને શેરડી પૂરી પાડતાં ખેડૂતોને સ્વસહાય જૂથના પ્રમુખનો પણ વિશેષ ફાળો રહ્યો છે.

## રિક્ષા કે કાર નહીં, બુટલેગરોની હવે ટ્રેનમાં દારૂની બેફામ હેરાફેરી!

### કોસંબા પોલીસે વલસાડના બે ખેપિયાને રૂપિયા અઢી લાખના દારૂ સાથે ઝડપી પાડ્યા

### દારૂ મંગાવનાર તરસાડીના બુટલેગર જીગ્નેશ ઉર્ફે જીગો સહિત ત્રણ વોન્ટેડ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા પોલીસ મથકના નવનિયુક્ત પી.આઈ. રાકેશ મારુને દારૂની બાતમી મળી હતી. આથી ગત મોડી રાત્રે રેલવે ફાટક પાસે આવેલી ગેસ એજન્સી નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. રેલવે ટ્રેન મારફતે વિદેશી દારૂનો જથ્થો ઉતારીને કોસંબા શહેરમાં ઘુસાડવાની પેરવી ચાલી રહી છે. પોલીસની ટીમે બાતમીવાળા સ્થળે ત્રાટકીને વલસાડના બે ખેપિયા પ્રકાશ ઉર્ફે પંકજ સરનાથ યાદવ અને બ્રિજેશકુમાર ઓમપ્રકાશ મોર્યને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ઘટના સ્થળેથી આશરે રૂ.2.50 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસના દરોડા દરમિયાન દારૂનો જથ્થો લેવા આવેલો સ્થાનિક નામચીન બુટલેગર જીગ્નેશ ઉર્ફે જીગો કૌશિકભાઇ પોલીસને જોઈને પોતાનું મોપેડ મૂકીને અંધારાનો લાભ લઈ ભાગી છૂટ્યો હતો. પોલીસે દારૂ અને એક્ટિવા મળી કુલ રૂ.3 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે પોલીસે ભાગી છૂટેલા બુટલેગર જીગ્નેશ ઉર્ફે જીગો તેમજ વલસાડથી દારૂનો જથ્થો મોકલનાર રાકેશ મારવાડી અને રમેશ મારવાડી એમ કુલ ત્રણ શખ્સને વોન્ટેડ જાહેર કર્યા છે. નવા પી.આઈ.ના આકરા વલણથી સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## સિથાણમાં શ્રમિક વૃદ્ધે ફાંસો ખાધો

સાયણ: ઓલપાડના સિથાણ ગામે દુકાન ફળિયામાં રહેતા ખેડૂત જીતેન્દ્રભાઈ ધનસુખલાલ પટેલના ઘરની પાછળના તબેલામાં મૂળ વ્યારાના ગડત-૧ ગામનો શ્રમિક રહી ખેતીકામ કરતો હતો. ગત તા.૨૧ના રોજ રાત્રે વૃદ્ધ ઠાકોરભાઈએ અગમ્ય કારણસર તબેલાની સિમેન્ટ થાંભલી સાથે દોરી બાંધી બાંધી ફાંસો ખાતાં મોત થયું હતું. આ બાબતે તબેલા માલિકે ઓલપાડ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.વિક્રમ વર્ધાજી કરી રહ્યા છે.

## ઝાડેશ્વરનો ગુમ બાળક મુંબઈથી મળી આવ્યો

ભરૂચ: ભરૂચના ઝાડેશ્વરનો 13 વર્ષીય કિશોર વિનાયક શિવપ્રકાશ દ્રીવેદી ગત તા.21/3/2026ના રોજ સાંજે મિત્રોને મુંબઈ જાઉંગા તેવું કહીને ઘરેથી નીકળી ગયો હતો. આ બાબતે તેના પિતા શિવપ્રકાશ ઉમાશંકર દ્રીવેદી (રહે.,મકાન નં.A-13, શિવાલિક એવન્યુ, ઓસારા રોડ, ઝાડેશ્વર) એ ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સોસાયટીથી લઈને બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનનાં વિવિધ CCTV ફૂટેજ ચેક કરતાં આ બાળક ભરૂચ રેલવે સ્ટેશન ખાતે મુંબઈ તરફ જતી ટ્રેનમાં બેસતો જણાયો હતો. જે બાદ રેલવે પોલીસ સાથે સતત સંપર્ક કરી તપાસ કરતા આ બાળક મુંબઈના પનવેલ રેલવે સ્ટેશન ખાતે ઊતર્યો હોવાની માહિતી મળી હતી. મુંબઈ મોકલવામાં આવેલી પોલીસ ટીમે પનવેલ રેલવે સ્ટેશનના CCTV કેમેરાની મદદથી ગણતરીના સમયમાં વિનાયકને શોધી કાઢવામાં સફળતા મેળવી હતી. બાળકને શોધી તેનાં માતા-પિતાને સોંપાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### તાપી જિલ્લામાં સ્વયમ પ્રેરિત ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ



વાલોડ: વાલોડના અલગટ ગામ ખાતે આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત આયોજન હેઠળ જિલ્લામાંથી 134 સ્વયમ પ્રેરિત ખેડૂતો (નોન મિશન ક્લસ્ટર) માટે પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમ મોડેલ ફાર્મ પર આયોજન કરી ખેડૂતોને પ્રાયોગિક તેમજ સિદ્ધાંત આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ સી. કે. ટીમ્બાડિયાએ ટેલિફોનિક માધ્યમથી ખેડૂતોને સંબોધન કરી પ્રાકૃતિક કૃષિના મહત્ત્વ વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ કરીને કિચન ગાર્ડન અને મોડેલ ફાર્મ વિકસાવવા અંગે ઉપયોગી માહિતી આપી હતી. આ સાથે યુનિવર્સિટીના માસ્ટર ટ્રેનર દર્શનાબેન બી. ચૌધરી દ્વારા ખેડૂતોને દેશી ગાયના મહત્વ અને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### રામકૂવામાં પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન માટે જમીન ફાળવણીનો વિરોધ



વ્યારા: વ્યારાના રામકૂવા ગામે ગોચરની જમીન નહીંવત્ બચવાને કારણે ગામમાં પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજના માટે ફાળવાયેલી જમીન મુદ્દે ગ્રામજનોમાં વિરોધ ઊઠ્યો છે. જેને લઇને પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજનાને અન્ય સ્થળે ખસેડવા અને તાત્કાલિક ધોરણે રામકુવામાં આ યોજનાની ફાળવણીને રદ કરવાની માંગ કરી હતી. આ બાબતે કાર્યવાહી ન થાય તો આગામી દિવસોમાં ગામલોકો દ્વારા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

### વાલોડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં તમામ પદાધિકારીઓ બિનહરીફ



વાલોડ: વાલોડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં સોમવારે શિક્ષક સહકાર ભવન ખાતે ચૂંટણી અધિકારી કમલેશભાઈ ગામીતની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલોડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી-2026માં સમગ્ર ટીમ બિનહરીફ જાહેર થઈ હતી, જેમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ આર.ચૌધરી, મહામંત્રી અજયભાઈ ડી.ચૌધરી, કાર્યવાહક પ્રમુખ ધવલકુમાર આર.પરમાર, નાણાંમંત્રી પરિમલભાઈ એસ.ચૌધરી, ઉપપ્રમુખ ચિરાગભાઈ એલ.કટારિયા, ઉપપ્રમુખ અશોકભાઈ બી. ચૌધરી, મહિલા ઉપપ્રમુખ નિહારિકાબેન આર.પરમારની બિનહરીફ વરણી કરવામાં આવી છે. સમગ્ર ટીમને બિનહરીફ વરણી થવા બદલ તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સમગ્ર ટીમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે. વાલોડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં સતત ત્રીજી વખત પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ આર. ચૌધરી બિનહરીફ થયા છે.

### ઉચ્છલના સુંદરપુરમાં જંગલી પ્રાણીનો આતંક

વ્યારા: ઉચ્છલના સુંદરપુર ગામે જંગલી પ્રાણીએ પાંચ જેટલી બકરીને શિકાર કરતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. મળતી માહિતી મુજબ સુંદરપુર ગામે કોંકણી ફળિયામાં રમેશભાઈ હટિયાભાઈ કોંકણીના ખેતરમાં આવેલા ઘરમાં રાત્રિ દરમિયાન જંગલી પ્રાણીએ હુમલો કરતાં 5 બકરી ભોગ બની હતી. આ પહેલાં પણ આસપાસના અલગ અલગ વિસ્તારોમાં જંગલી પ્રાણી દ્વારા બે વખત હુમલા થયા હોવાનું જાણવા મળ્યું હતું. જંગલી પ્રાણી દ્વારા ખાસ કરીને રાત્રિ દરમિયાન પાલતુ પશુઓ પર હુમલા થવાના કારણે ગરીબ આદિવાસી લોકોને પોતાનું પશુધન ગુમાવવાનો વારો આવ્યો છે. જંગલી પ્રાણીના હુમલાથી બકરીઓનો શિકાર થતાં લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. ત્યારે સત્વરે વન વિભાગ દ્વારા પશુઓને રાત્રિ દરમિયાન શિકાર કરતાં જંગલી પ્રાણીને પકડવા તંત્ર દ્વારા તજવીજ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. તેમજ સુંદરપુરમાં જંગલી પ્રાણીના હુમલાથી પાંચ બકરીઓ શિકાર થતાં પશુપાલકને વળતર ચૂકવવા આવે તે જરૂરી બન્યું છે.

### સોનગઢ પોલીસ મથકે લોકસંવાદ કાર્યક્રમ યોજાયો



સોનગઢ: સોનગઢ પોલીસ મથક જિલ્લા પોલીસ અધિક્ષક જે.એન. દેસાઈની અધ્યક્ષતામાં વાર્ષિક ઇન્સ્પેક્શન અને 'લોક સંવાદ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોનગઢ નગરપાલિકાના પ્રમુખ, ગામના અગ્રણીઓ, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સંવાદ દરમિયાન જાગૃત નાગરિક દ્વારા વ્યાજખોરી, માથાભારે ઇસમોનો ત્રાસ અને ટ્રાફિક સમસ્યા જેવા મહત્ત્વના પ્રશ્નો રજૂ કર્યા હતા.

### પીપોદરા GIDCમાં વૃદ્ધ શ્રમિકનું ઢળી પડતાં મોત

હથોડા: પીપોદરા જીઆઈડીસીમાં આવેલી 'વૃદ્ધિ યાર્ન' ફેક્ટરીમાં ફરજ બજાવતા એક વૃદ્ધ શ્રમિકનું ચાલુ કામ દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના વતની 59 વર્ષીય રામભાઈ મોહનલાલ કોલ રાધે સિલ્વર કમ્પાઉન્ડમાં આવેલી ફેક્ટરીમાં કામ કરી રહ્યા હતા. સોમવારે બપોરે અચાનક તેમને છાતીમાં ગભરામણ થતાં તેઓ અર્ધબેભાન અવસ્થામાં ઢળી પડ્યા હતા. સાથી કર્મચારીઓએ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી તેમને કામરેજની દીનબંધુ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પીપોદરા બીટના જમાદાર મહેશભાઈ બાબુભાઈએ લાશનો કબજો મેળવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333